**સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ (જી.જી.આર.સી)ના સંયુક્ત ઉપક્રમ દ્વારા બે દીવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો.**

---

સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે તા. ૧૮.૧૨.૨૦૨૩ થી ૧૯.૧૨.૨૦૨૩ દરમિયાન બે દીવસીય તાલીમ કાર્યક્રમ સરદાર સ્મૃતિ કેન્દ્ર, આ.કૃ.યુ, આણંદ ખાતે યોજવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાના ૪૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં ખેડૂતો માટે સૂક્ષ્મ પિયત પદ્ધતિ, પ્રાકૃતિક ખેતી અને કૃષિ પાકોમાં જીવાત વ્યવસ્થાપન જેવા વિષયો પર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યુ હતું. વધુમાં, ખેડૂતોએ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમ, ઔષધિય પ્લાન્ટ નર્સરી અને પ્રાકૃતિક ખેતી નિદર્શન ફાર્મની મુલાકાત લીધેલ. આવનાર સમયમાં, સરદાર સ્મૃતિ કેન્દ્ર અને જી.જી.આર.સીના સયુક્ત ઉપક્રમ દ્વારા ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લાઓ માટે કુલ ૩૩ તાલીમોનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, સરદાર સ્મૃતિ કેન્દ્રના સ્ટાફ અને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીના અધિકારીઓ હાજર રહેલ હતા.



